# ઔષધિય વનસ્પતિની ખેતીનાં વિકાસ માટે સહકારી મંડળીઓ જરૂરી



**ભાસ્કર ન્યૂઝ.જૂનાગઢ**

જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે લુપ્ત થતી જતી ઔષધિ વનસ્પતિના ઉત્થાન માટે સેમિનાર યોજાયો હતો. જેમા કુલપતિએ જણાવ્યું હતુ કે ઔષધિય વનસ્પતિની ખેતીનાં વિકાસ માટે સહકારી મંડળીઓ બનાવી યોગ્ય વેંચાણ વ્યવસ્થા ગોઠવી લુપ્ત થતી વનસ્પતિઓનું રક્ષણ કરવુ ખુબજ જરૂરી બન્યું છે.

કૃષિ વિશ્વ વિદ્યાલયમાં ઔષધિય વનસ્પતિની ખેતી અને બજાર વ્યવસ્થા પર પરિસંવાદ યોજાયો હતો. આ પ્રસંગે કુલપતિ એન.સી.પટેલે જણાવ્યુ હતુ કે, ઔષધિય વનસ્પતિની ખેતી ઉપર વધુ ભાર મૂકી જંગલમાં ઉગતી આવી વનસ્પતિઓનું સંરક્ષણ કરવુ ખુબજ જરૂરી બન્યું છે. જ્યારે ખેડૂતો આ ઔષધિય પાકનું વાવેતર કરે ત્યારે તેનાં વેચાણ સહિતની વ્યવસ્થાઓ માટે સહકારી મંડળીઓનુ નિર્માણ કરવુ જરૂરી બન્યુ છે. જ્યારે અતિથી વિશેષ પદે ઉપસ્થિત ઔષધિય વનસ્પતિ બોર્ડના ચીફ એઝ્યુકેટીવ ડો.એચ.સી.પંતે જણાવ્યુ હતુ કે, દેશ વિદેશમાં ઔષધિય વનસ્પતિઓની મોટા પ્રમાણમાં માગ છે. પરંતુ આ માંગનાં પ્રમાણમાં પુરવઠો નથી. આ માંગને પહોંચી વળવા લોકોનુ વલણ બદલી સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવી ખુબજ જરૂરી છે. આ પરિસંવાદમાં ડો.ચેતનાબેન માંડવીયા, ડો.એચ. એન.ત્યાગી સંશોધન નિયામક ડો.સી. જે.ડાંગરીયા, ડો.એન.બી.પટેલ, ડો.ડી.આર.મહેતા, ડો.પી.વી.પટેલ, સહિતનાં નિષ્ણાતો તથા મોટી સંખ્યામાં ખેડૂતો, આયુર્વેદ ડોકટરો અને વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા.

દિવ્ય ભાસ્કર. ૬|૩|૨૦૧૩.